

ખેડબ્રહ્મા નગરપાલિકાની ચૂંટણીમાં વૃધ્ધોએ પણ ઉત્સાહ દાખવી પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો. આજે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ખેડબ્રહ્મા નગરપાલિકાના વર્તમાન ટર્મના ઉપપ્રમુખે પોતાના મત અધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પ્રાંતિજ નગરપાલિકાના કોંગ્રેસના ઉમેદવાર મતદાન મથકે ઢળી પડતા સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૧૦

પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણી માટે આજે થઈ રહેલા મતદાન દરમિયાન પ્રાંતિજના વોર્ડ નં. ૬નાં કોંગ્રેસના ઉમેદવારની અચાનક તબિયત લથડતા તેઓ ઢળી પડ્યા હતા. જેથી સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. પરિણામે તેમના સમર્થકો અને પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં આવેલ પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમિયાન બરોબર ૧૧ વાગ્યાના સુમારે ત્યારે વોર્ડ નં. ૬ કોંગ્રેસના ઉમેદવાર બાબુભાઈ મનસુરીની તબિયત અચાનક બગડતા તેઓ મતદાન મથક આગળ જ ઢળી પડ્યા હતા. જેથી આસપાસના લોકો તેમને ઉઠાવી સારવાર અર્થે તાબડતોબ પ્રાંતિજ હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ તેમની તબીયત વધુ નાજુક જણાતા તેઓને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાના પગલે મૃતક ઉમેદવારના સમર્થકો અને પરિવારજનો સહિત શુભેચ્છકોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. રાજકીય આગેવાન અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત અનેક આગેવાનો તુરંત દોડી આવ્યા હતા અને મૃતકના પરિવારજનોને સાંતવના આપી હતી.

# ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીમાં ૭૫ ટકા મતદાન ૬૪ ઉમેદવારોનું ભવિષ્ય ઈવીએમમાં બંધ

## મતદાનની શરૂઆતમાં વોર્ડ નંબર-૯ના કન્યા વિદ્યાલયના બુથમાં ઈ.વી.એમ.માં ખામી સર્જાતા તેને તુરંત જ બદલી નાખવામાં આવ્યું હતું

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં રવિવારે મતદાન યોજાયું હતું. જેમાં ૭૪.૬૯ ટકા જંગી મતદાન નોંધાયું હતું. દરેક બુથ ઉપર મતદારોની મોટી લાઈનો જોવા મળી હતી. ભાજપ-કોંગ્રેસ અને અપક્ષના ૬૪ ઉમેદવારોનું ભવિષ્ય ઈવીએમમાં બંધ થઈ ગયાં છે. મતદાન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી અને શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થયું હતું. વોર્ડ નંબર આઠના અપંગ મતદાર ચૌહાણ રાજેન્દ્રસિંહ સતુસિંહ તથા વોર્ડ નંબર પાંચના અપંગ મોહનભાઈ છગનભાઈ વસાવા ટ્રાયસિકલ ઉપર આવી મતદાન કર્યું હતું. મતદાન દરમ્યાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

**વોર્ડ મુજબ મતદાન**

| વોર્ડ નંબર | કુલ મતદારો | મતદાન |
|---|---|---|
| ૧ | ૧૪૩૪ | ૧૨૪૫ |
| ૨ | ૧૪૫૨ | ૧૧૬૩ |
| ૩ | ૧૯૪૬ | ૧૪૬૪ |
| ૪ | ૧૨૮૦ | ૯૫૮ |
| ૫ | ૧૮૩૨ | ૧૨૭૫ |
| ૬ | ૧૩૮૫ | ૧૦૪૩ |
| ૭ | ૧૭૨૨ | ૧૨૫૦ |
| ૮ | ૧૪૭૨ | ૯૬૩ |
| ૯ | ૧૨૯૫ | ૯૬૦ |
| કુલ | ૧૩૮૧૮ | ૧૦૩૨૧ |
| | | ૭૪.૬૯ટકા |

# ઈડરના સાપાવાડા ગામ નજીક ટ્રકની ટક્કરે રાહદારીનું કરૂણ મોત

હિંમતનગર, તા. ૧૦

ઈડર તાલુકાના સાપાવાડા ગામ નજીક અમદાવાદ-અંબાજી હાઈ-વે માર્ગ પર રવિવારના રોજ એક ટ્રકચાલકે યુવાનને હડફેટે લેતા યુવાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે ઈડર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઈડર તાલુકાના સાપાવાડા ગામ નજીક અમદાવાદ-અંબાજી હાઈવે પર ઈડર તરફથી પુરપાટ ઝડપે આવતી એક ટ્રક નં. જીજે-૧૨-વાય-૬૭૮૮ ના ચાલકે બેદરકારીપૂર્વક ટ્રક હંકારી રાહદારી યુવાન અશ્વિનભાઈ પરમારને હડફેટે લઈ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેથી યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. ટ્રકચાલક ટક્કર મારી ટ્રક મુકી નાસી છૂટ્યો હતો. ઈડર પોલીસે ફરાર ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**પ્રાંતિજ નગરપાલિકા ચૂંટણી સંપન્ન કુલ ૭૭.૮૯ ટકા મતદાન નોંધાયું**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરની નગરપાલિકાની રસાકસીભરી ચૂંટણીમાં નગરના ૨૧ જેટલા મતદાન મથકો ઉપર ઈ.વી.એમ. મશીન દ્વારા મતદાન થયું હતું. ચૂંટણીના મતદાનને લઈ મતદાન મથકો પર વહેલી સવારથી જ ઉમેદવારો તેમના ટેકેદારો તથા મતદારોનો મોટો જમાવડો જોવા મળી રહ્યો હતો. આ સમગ્ર ચૂંટણી દરમિયાન સવારથી સાંજ સુધી ચાલેલી મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સંપન્ન થઈ હતી. જેમાં ૭૭.૮૯ ટકા મતદાન થયું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# સાબરકાંઠા જિલ્લાની પાંચ નગરપાલિકાઓની ચૂંટણી માટેનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પાંચ નગરપાલિકાઓની ચૂંટણીઓ માટે રવિવારના રોજ સવારે ૮ વાગેથી ઈવીએમ મશીન દ્વારા ૮૯ મતદાન મથકો પર શરુ થયું હતું અને સાંજે ૫ વાગે મતદાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ પૂર્ણ થયું હતું. અને ૨૫૬ ઉમેદવારોના રાજકીય ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા અને મોડી સાંજે ઈવીએમ મશીનો સ્ટ્રોંગ રૂમમાં પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી ગયા હતા હવે તમામ રાજકીય ઉમેદવારોના ભાવિનો ફેંસલો ૧૩મી ફેબ્રુઆરીના રોજ મત ગણતરી હાથ ધરાશે ત્યારે થશે.

મળેલ માહિતી મુજબ જિલ્લાની તલોદમાં ૭ વોર્ડ, પ્રાંતિજમાં ૭ વોર્ડ, ઈડરમાં ૯ વોર્ડ, ખેડબ્રહ્મામાં ૯ વોર્ડ અને મોડાસામાં ૨ વોર્ડ મળી ૩૪ વોર્ડના ૮૯ મતદાન મથકો પર રવિવારના રોજ સવારે ૮ વાગે મતદાન શરુ થયું હતું. મતદારોએ ઈવીએમ મશીન દ્વારા મતદાન કર્યું હતું. આ મતદાન પ્રક્રિયામાં ૬૦૦થી વધુ કર્મચારીઓ જોતરાયા હતા અને સાંજે ચાર વાગ્યા સુધીમાં પ્રાંતિજ નગરપાલિકાના ૭ વોર્ડમાં ૨૧ મતદાન મથકો પર ૭૬.૪૬, તલોદ નગરપાલિકાના ૭ વોર્ડના ૧૬ મતદાન મથકો પર ૭૮.૯૦ ખેડબ્રહ્મા નગરપાલિકાના ૯ વોર્ડના ૧૯ મતદાન મથકો પર ૬૯.૭૩, ઈડર નગરપાલિકાના ૯ વોર્ડના ૨૫ મતદાન મથકો પર ૭૧.૦૬ અને મોડાસા નગરપાલિકાના વોર્ડના ૮ મતદાન મથકો પર ૪૧.૪૮ ટકા મતદાન થયું હોવાનું જિલ્લા ચૂંટણી કચેરીએથી જાણવા મળ્યું હતું. મતદાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શરુ થયું હતું અને શાંતિપૂર્ણ પૂર્ણ થયું હતું અને તમામ એવીએમ મશીન સીલીંગ થઈને સ્ટ્રોંગ રૂમમાં પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી ગયા હતાં. જયારે ૧૩ ફેબ્રુઆરીના રોજ સવારે ૯ કલાકે મતગણતરી તલોદ અને પ્રાંતિજમાં મામલતદાર કચેરીએ, ઈડરની પીટીસી કોલેજ, ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કુલ અને મોડાસાની પ્રાથમિક શાળા નંબર૧ના મકાનમાં હાથ ધરાશે.

# સમસ્ત ચોર્યાસી કડવા પાટીદાર સમાજ દ્વારા રૂપપુર મુકામે મહિલા અધિવેશન યોજાયું

પાટણ, તા.૧૦

સમસ્ત ચોર્યાસી કડવા પાટીદાર સમાજ દ્વારા સમાજની સામાજિક અને શૈક્ષણિક જાગૃતિ અને સમાજના કુરિવાજો અને રૂઢિઓ સામે જાગૃતતા લાવવાના હેતુસર તજેતરમાં ચાણસ્મા તાલુકાના રૂપપુર મુકામે સમાજના પ્રમુખ જોરાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને 'મહિલા ગરિમા મહાઅધિવેશન' યોજાયું હતું.

ચાણસ્માના રૂપપુર મુકામે આયોજીત આ અધિવેશનમાં મહિલા મજબૂત બને, આગળ આવે, સમાજ સમૂહ લગ્ન તરફ જોડાય, સમાજમાંથી કુરિવાજો દૂર થાય તથા સ્ત્રી કેળવણી વધે તેવા મુદ્દા પર આગેવાનોએ પોતાનું પ્રાસંગિક ઉદબોધન કરી પોતાનાં વિચારો વ્યકત કર્યા હતા. આ પ્રસંગે મહિલા સમાજના પ્રમુખ વંદનાબેન પટેલ, કિરીટભાઈ પટેલ, લાલજીભાઈ પટેલ, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલા, મંત્રી રજનીકાન્ત પટેલ, મંત્રી નિતિન પટેલ, લાલજીભાઈ વગેરે આગેવાનો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.



# હિંમતનગરમાં 'જૈવિક વિવિધતાનું સંરક્ષણ' અંગે શિબિર યોજાઈ

હિંમતનગર, તા.૧૦

ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય તેમજ પરિભ્રમણ સેવા ટ્રસ્ટ હિંમતનગર આયોજીત રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન અને અમલીકરણ કાર્યક્રમ અંતર્ગત 'હિંમતનગર તાલુકાના સવગઢ ગામ પંચાયતના કિફાયતનગર ખાતે જૈવિક વિવિધતાનું સંરક્ષણ-વર્ષ ૨૦૧૩ અનુસંધાને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જલાભાઈ રથવી, લોક સેવા યુવા ટ્રસ્ટના શંકરભાઈ વણકર તેમજ પરિભ્રમણ ટ્રસ્ટ હિંમતનગરના પાકીઝા મનસુરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને જૈવિક વિવિધતાનું કંઈ રીતે સંરક્ષણ કરવું તે અંગે વિવિધ ઉદાહરણો અને પોસ્ટરો દ્વારા સુંદર અને સચોટ માર્ગદર્શન તેમજ માહિતી પૂરી પાડી હતી અને મહિલાઓને મુંઝવતા વિવિધ પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સલમાબેન મનસુરીએ કર્યું હતું.



**ડીસામાં મારવાડી લોહાણા સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન**

ડીસા બનાસનદીના બ્રીજ પાસે આવેલ માવડીયા માતાજીના મંદીરે શ્રી મારવાડી લોહાણા સોશ્યલ ગૃપ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે અમૃત્તલાલ દેવચંદજી ઠક્કર તેમજ ભરતભાઈ ઠક્કર, અનીલભાઈ ચોખાવાળા, મુકેશભાઈ ઠક્કર તથા મનોજકુમાર કનૈયાલાલ સહીત અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ અભ્યાસક્રમોમાં ઉજ્જવળ દેખાવો કરનાર તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. તેમજ નાના ભુલકાઓએ સાંસ્કૃત્તિક પ્રોગ્રામો કરી ઉપસ્થીતોને મુગ્ધ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા દયારામભાઈ ઠક્કર, અતુલભાઈ ઠક્કર, કાન્તિભાઈ ઠક્કર, અને નટુભાઈ ઠક્કર, સહિત અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી. અને કાર્યક્રમ દરમ્યાન ભોજનનું આયોજન પણ કરાયુ હતુ. (કાન્તિલાલ લોધા-ડીસા)

# સાબરકાંઠા જિલ્લાની અદાલતોમાં લોક અદાલત યોજાઈ

હિંમતનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરના ઈ.ચા. અધ્યક્ષ અને પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ શ્રી આઈ.આર. દવે સાહેબના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લાના તમામ બાર એસોશીએશનના સહયોગથી સને ૨૦૧૩ની પ્રથમ જનરલ લોક અદાલતની ઉજવણીના ભાગરૂપે તા. ૧૦મી ફેબ્રુઆરી-૨૦૧૩ને રવિવારના રોજ જિલ્લા/તાલુકાની તમામ અદાલતોમાં સવારના ૧૦.૩૦ કલાકથી કાર્ય સમાપન સુધી લોક અદાલતો યોજવામાં આવી હતી.

જિલ્લા કક્ષાએ હિંમતનગર, મોડાસા તથા ઈડર જ્યુરીડીક્શનની એપેલેટ્સ કોર્ટના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ લોક અદાલતના ઉદ્‌ઘાટન સમારોહમાં સૌપ્રપથમ પ્રાર્થનાથી શરૂઆત કરી, દિપ પ્રાગટ્ય કરી મંચસ્થ બિરાજમાન મહાનુભાવો દ્વારા સદર લોક અદાલત સફળ થાય તેવી શુભ કામનાઓ પાઠવી નામદાર ઈન્ચાર્જ અધ્યક્ષ અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ શ્રી આઈ.આર. દવે સદર લોક અદાલતના આ રાષ્ટ્રિય કાર્યમાં વધુને વધુ કેસો સમાધાનકારી વલણથી નિકાલ થાય અને સુખદ પરિણામ આવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તબક્કે જિલ્લાના એપેલેટ્સ જજશ્રીઓ, બાર એસોશીએશનના હોદ્દેદારો તથા સભ્યશ્રીઓ, જિલ્લા સરકારી વકીલશ્રી, તથા પક્ષકારોના તમામ વકીલશ્રીઓ અને વીમા કંપનીઓના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. અત્રેના જિલ્લા કક્ષાએ મોટર અકસ્માત વળતર અંગેના કુલ-૭૨ કેસો મુકાયેલા જે પૈકી હાજર રહેલા પક્ષકારોના કુલ-૩૪ કેસોનો સમાધાનકારી વલણથી નિકાલ કરવામાં આવેલ અને રૂ. ૪૯,૬૪,૦૫૦નો એવોર્ડ કરવામાં આવેલ.

આમ સમગ્ર જિલ્લામાં કુલ ૩૮ જનરલ લોક આલતોનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રિલીટીગેશન કેસો સહિત કુલ ૩૫૮૪ કેસો મુકવામાં આવેલા અને જે પૈકી હાજર રહેલ પક્ષકારોના કુલ ૧૩૯૩ કેસોનો લોક અદાલતના માધ્યમથી સમાધાનકારી વલણથી સુખદ નિકાલ કરવામાં આવેલો. જેમાં કુલ રૂ. ૬૦,૫૧,૪૧૫નો એવોર્ડ કરવામાં આવેલો.

આ લોક અદાલતનું સફળ સંચાલન મે. અધ્યક્ષશ્રી જિલ્લા કાનુની સેવા સત્તામંડળ સાબરકાંઠા, હિંમતનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ સાબરકાંઠા, હિંમતનગરના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮